// આંક :– ૫ લગત હુકમ //

૧. વાદીઓએ હાલનો દાવો દાખલ કરી પ્રતિવાદી વિરુધ્ધ રૂા.૬,૭૮,૦૦૦/– ના આંકથી સબ રજીસ્ટ્રાર કચેરીમા નોંધાયેલ બુક નં.૧ મા અનુ. નં.૧૫૧/૨૦૨૦ થી તા.૬/૩/૨૦૨૦ ના રોજ નોંધવામા આવેલ રજી. વેચાણ દસ્તાવેજ રદબાતલ જાહેર કરવા તથા રૂા.૫૨૦/–ના આંકથી દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરી બુક નં.૪૦૫/૨૦૧૫ થી તા.૧૨/૧૦/૨૦૧૫ ના રોજ નોંધાયેલ જનરલ પાવર ઓફ એટર્ની રદબાતલ જાહેર કરવા તથા રૂા.૧૦૦૦/–ના આંકથી પ્રતિવાદી વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ મેળવવા તથા રૂા.૧૦૦૦/– ના આંકથી કાયમી હકક સ્થાપન અને ડેકલેરેશનનો હુકમ અને હુકમનામુ મેળવવા અંગેની દાદ મેળવવા અંગેનો દાવો દાખલ કરેલ છે. તેમજ આંક: ૫ ની સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ ૧ અને ૨ તથા કલમ ૧૫૧ મુજબ વચગાળાની મનાઈ હુકમ મેળવવા અરજ ગુજારેલ છે. સદર અરજી તળે હુકમ કરવામા આવતો હોય તેનુ પુનરાવર્તન અત્રે કરવામા આવેલ નથી.

૨. સદર દાવો રજીસ્ટરે લઈ પ્રતિવાદીને અર્જન્ટ શો–કોઝ નોટીસ ઈસ્યુનો હુકમ કરવામાં આવેલ. જે નોટીસ પ્રતિવાદીને યોગ્ય બજવણી થતા પ્રતિવાદી તેમના વકિલશ્રી મારફતે હાજર થઈ આંક–૨૦ થી દાવાનો જવાબ રજુ કરી જણાવેલ છે કે વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખરી નથી અને તેઓ પ્રતિવાદીને કબુલ મંજુર નથી. વાદીઓને આવા પ્રકારનો દાવો તથા મનાઈ અરજી કરવા હકક કે કારણ નથી, સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની વાદીઓની દાવા તથા મનાઈ અરજીની તમામ હકિકતોનો પ્રતિવાદી સ્પષ્ટ ઈન્કાર કરે છે. વધુમા જણાવેલ છે કે કોઈપણ પક્ષકાર કોર્ટ સમક્ષ દાવો જેવુ મહત્વનુ લીટીગેશન લઈને આવે કે મનાઈ હુકમ જેવી ડીસ્ક્રીશનરી દાદ મેળવવા આવે ત્યારે તેવા પક્ષકારે તમામ સત્ય હકિકતો જણાવી ચોખ્ખા હાથે આવુ પડે પછી ભલે તેવી સત્ય હકિકત તેમના વિરુધ્ધ જતી હોય તો પણ છુપાવ્યા વિના જાહેર કરવી પડે જયારે વાદીઓએ મજુકર દાવા તથા મનાઈવાળી મિલકત અંગે પ્રતિવાદીની તથા તેમના પતિની તરફેણમા દાવાવાળી તથા અન્ય મજકુર જુના સર્વે/બ્લોક નં.૧૯૫ વાળી પૈકી ભાગની મિલકતો અંગે હાલના દાવાના તકરારી વેચાણ દસ્તાવેજ સિવાય અન્ય બાનાખત તથા પાવર ઓફ એટર્ની કરી દીધેલ હોઈ તે તમામ હકિકતો છુપાવી તથા કાયદેસર રીતે કાયદેસરના પાવર ઓફ એટર્ની આધારે કાયદાની જોગવાઈ અનુસાર રજી. વેચાણ દસ્તાવેજ કરવામા આવેલ હોવા છતા તે પણ વાદીઓની જાણમા અને સંમતીથી અને અવેજની પણ સંપુર્ણ લેવડ દેવડ પુર્ણ કરી કાયદાની પ્રક્રિયા અનુસરી વેચાણ દસ્તાવેજ કરવામા આવેલ હોવા છતા કાયદેસર રીતે વાદીઓને વેચાણ દસ્તાવેજ બાદ વેચાણ દસ્તાવેજવાળી મિલકત અંગે કોઈ હકક કે અધિકાર રહેતો નહી હોવા છતા તેમની પાસેથી ખોટા વિવાદો ઉભા કરી પૈસા પડાવવા અને દાવાવાળી

મિલકતમા ખોટા હકકો ઉભા કરવા અવેજ અંગેની હકિકતો પણ છુપાવી વાદીઓએ ખરડાયેલા હાથે કોર્ટથી સત્ય હકિકતો સપ્રેસ કરી હાલનો દાવો તથા મનાઈ હુકમની ડીસ્ક્રીશનરી દાદ મેળવવા આવેલ છે. વાદીઓએ મજકુર દાવાવાળી જમીન સહીતની જુના સર્વે નં.૧૯૫ જેનો અગાઉ સને ૨૦૧૩ મા પ્રમોલગેશન થયેલ ન હોઈ જેનુ કુલ ક્ષે.૪-૮૯-૬૭ હે.આરે.ચો.મી. હોઈ તે પૈકી ૧-૧૮-૯૦ હે.આરે.ચો.મી. વાળી મિલકતનુ નોટરી રૂબરૂમા તા.૮/૧/૨૦૧૩ ના રોજ ૧ વિઘાના રૂા.૫ લાખ લ ેખે સોદો કરી અને તેના બાનાના અવેજ પેટે રૂા.૧,૬૧,૦૦૦/- રોકડા તથા બીજા રૂા.૧ ૦,૬૪,૦૦૦/- એમ રૂા.૧૨,૨૫,૦૦૦/- નો અવેજ લઈ બાનાખત કરી દીધેલ અને ત્યારબાદ જુના સર્વે નં.૧૯૫ ની મીલકત પૈકી વાદી નં.૧ ના એ ૧-૪૪-૦૦ હે.આરે.ચો.મી. વાળી મિલકતનુ રજીસ્ટર બાનાખત તા.૧૬/૯/૨૦૧૪ ના રોજ તેનો પણ રૂા.૭ લાખ નો અવેજ લઈ તે જમીનનો તો કબજો સોંપી કબજાવાળુ બાનાખત અને જુના સર્વે નં.૧૯૫ ના કુલ ક્ષે. પૈકી ૧-૪૪-૦૦ હે.આરે.ચો.મી.વાળી મિલકતનો તા.૧૬/૦૯/૨૦૧૪ ના રોજ રજી. કુલ્મુખ્ત્યારનામુ પણ કરી દીધેલ અને ત્યારબાદ વાદીઓએ જુના સર્વે નં.૧૯૫ ના કુલ ક્ષેત્રફળ પૈકી નવા રી. સર્વે નં.૪૪૧ ના ૧ -૪૦-૧૮ હે.આરે.ચો.મી વાળી મિલકતનો રજી. અ.નં.૧૫૧ થી તા.૬/૩/૨૦૨૦ ના રોજ પાવરના આધારે વેચાણ દસ્તાવેજ કાયદેસર રીતે કરવામા આવેલ હોવા છતા ઉપરોતર વ્યવહારો થયેલ હોવા છતા વાદીઓએ કે જેઓને તેમને કરી આપેલ ડોકયુમેન્ટ યાને બાનાખત પાવર ઓફ એટર્ની અને વેચાણ દસ્તાવેજની હકિકતોથી ફરી જવા કાયદેસર કોઈ હકક કે અધિકાર રહેતો ન હોઈ અને તેવા સંજોગોમા વાદીઓને પ્રિન્સીપલ ઓફ એસ્ટોપલ નો બાધ આવતો હોઈ અને આવો દાવો કરવા કોઈ લોકસ્ટેન્ડી નથી. વાદીઓની દાવાની હકિકત તથા રેકર્ડ જોતા વાદીઓ કે જે તા.૬/૩/૨૦૨૦ના રોજ રજી. અ.નં.૧૫૧ નો વેચાણ દસ્તાવેજ તથા તા.૧૬/૯/૧૪ના રજી. અ.નં.૪૦૫ નુ પાવર ઓફ એર્ટની રદ કરાવવા દાદ મેળવવા આવેલ છે અને તે પાવર ઓફ એટર્નીની નોંધણી તા.૧૬/૯/૧૪ ના રોજથી જ વાદીઓની જાણમા હોઈ તેમજ વાદીઓએ ખુદે તેમના દાવાના પેરા-૧૨ મા ૯ વર્ષ અને ૬ માસ જેટલો સમય પાવર ઓફ એટર્ની રદ કરવાનો દાવો કરવા સમય થયેલ હોવાની કબુલાત કરેલ છે અને લો ઓફ લીમીટેશનની જોગવાઈ જોતા સને ૨૦૧૪ ના પાવર ઓફ એટર્નીના આધારે સને ૨૦૨૪ મા જેને આશરે ૯ વર્ષ કરતા વધુ સમય પસાર થયેલ હોઈ મજુકર દાવો પ્રથમ દર્શનીય રીતે જ સમય મર્યાદા બહારનો છે. વાદીઓએ દાવા અરજી પેરા-૧મા જણાવેલ જમીનમા ખેતી કામ કરતા હોવાની હકિકત ખરી નથી પ્રતિવાદીને કબજા સાથે કરી આપેલ બાનાખત તથા વેચાણ દસ્તાવેજ વાળી જમીનમા આજની તારીખે પણ તેમા ખેતી કામ કરી તેનો કબજો ધરાવે છે. વાદીઓની મનાઈ અરજી પેરા-૩ની બોસ્કાની સીમના જુના સર્વે નં.૧૯૫ ના ક્ષે.૪-૮૯-૬૭ વાળી જમીન હાલના તબકકે વાદીઓની

માલીકી કબજા ભોગવટાની નથી તેઓએ બાનાખત થી તથા વેચાણ દસ્તાવેજ વેચાણ રાખેલ મિલકતનો કબજો તેમનો છે અને વેચાણવાળી મિલકતની માલીકી તેમની છે. નર્મદા કેનાલ આવવાથી અને ૩ ટુકડા થયેલ હોવાની હકિકત અંગે તેમને તકરાર નથી પરંતુ તે તમામ જમીન વાદીઓની માલીકી કબજા ભોગવટાની હકિકત ખરી નથી. પેરા–૫ ની હકિકતો ખરી નથી અને ખરી હકિકતે પ્ર તિવાદીએ જમીન વેચાણ લેવી હોઈ અને વાદીઓએ તેમની મજકુર જમીન વેચાણ આપવી હોઈ પ્ર તિવાદી તથા વાદી વચ્ચે જુના સર્વે નં.૧૯૫ જેનો અગાઉ સને ૨૦૧૩ મા પ્રમોલગેશન થયેલ ન હોઈ જેનુ કુલ ક્ષે.૪–૮૯–૬૭ હે.આરે.ચો.મી હોઈ તે પૈકી ૧–૧૮–૯૦ હે.આરે.ચો.મી. વાળી મિલકતનુ નોટરી રૂબરૂમા તા.૮–૧–૨૦૧૩ ના રોજ ૧ વિઘાના રૂા.૫ લાખ લેખે સોદો કરી અને તેના બાનાના અવેજ પેટે રૂા.૧,૬૧,૦૦૦/– રોકડા તથા બીજા રૂા.૧૦,૬૪,૦૦૦/– એમ કુલ ૧૨,૨૫,૦૦૦/– નો અવેજ લઈ બાનાખત કરી દીધેલ અને ત્યારબાદ જુના સર્વે નં.૧૯૫ ની મીકલત પૈકી વાદી નં.૧ નાએ ૧ –૪૪–૦૦ હે.આરે.ચો.મી. વાળી મિલકતનુ રજીસ્ટર બાનાખત તા.૧૬/૯/૨૦૧૪ ના રોજ રજી. કુલમુખ્ત્યારનામુ પણ કરી દીધેલ અને ત્યારબાદ વાદીઓએ જુનો સર્વે નં.૧૯૫ ના કુલ ક્ષે. પૈકી નવા રી.–સર્વે નં.૪૪૧ ના ૧–૪૦–૧૮ હે.આરે.ચો.મી. વાળી મિલકતનો રજી. અ.નં.૧૫૧ થી તા.૬/૩/૨૦૨૦ ના રોજ પાવરના આધારે વેચાણ દસ્તાવેજ કાયદેસર રીતે કરવામા આવેલ હોવા છતા ઉતરોતર વ્યવહારો થયેલ હોવા છતા વાદીઓએ કે જેઓને તેમની કરી આપેલ ડોકયુમેન્ટ યાને બાનાખત પાવર ઓફ એર્ટની અને વેચાણ દસ્તાવેજની હકિકતો થી ફરી જવા તેમના આ પેરામા તથા મીલકત અંગે જુદા જુદા દસ્તાવેજો કરતી વખતે માતબાર અવેજ સિવકારી લીધા બાદ અને કબજો પણ સોંપી દીધા બાદ વાદીઓની તેમની વેચાણ રાખેલ મિલકતમા કોઈ હકક કે અધિકાર રહેતો ન હોઈ કે બાનાખતવાળી મિલકતના તેમના હકકોને નુકશાન થાય તેવુ કૃત્ય કરવા કોઈ હકક કે અધિકાર રહેતો ન હોઈ તેમ છતા વાદીઓએ કે જેઓએ બાનાખતમા જણાવેલ શરતોનુ પાલન કરેલ નહી હોઈ અને તેની શરત મુજબ બોજો પણ મુકત કરવાની અને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લાવવાની જવાબદારી વાદીઓની હોવા છતા તેનુ પાલન કરેલ નથી અને ટાઈટલ કલીયર સર્ટી. પણ લાવી આપેલ નથી અને તેઓએ બનાખતવાળી મીકલત અંગે દસ્તાવેજ કરવાની તૈયારી બતાવેલ હોવા છતા અને દસ્તાવેજ કરાવવા તથા બાકી અવેજ ચુકવવા તેઓ ખુશી અને તૈયાર હોવા છતા તેઓને ઉતરોતર જમીન અંગે પૈસા લઈ બાનાખત તો કરી દીધેલ અને તેમના સિવાય પૈકી ભાગની મિલકતનો તેમનો બાનાખત ઉભો હોવા છતા શકરાજી કાનાજી અને મેરુજી પુંજાજીને પણ વેચાણ દસ્તાવેજી કરી દીધેલ અને આમ ખુદ વાદીઓએ તેઓને વાયદા કરી સમય પસાર કરી શરતોનો ભંગ કરી તેમણે આપેલ અવેજની રકમ ડુબાડવા પ્રયત્ન કરી ગેરકાયદેસરનુ કૃત્ય કરેલ હોવા છતા ઉલટા ચોર કોટવાલને ડંડે તે નીતીથી તેમના આ પેરામા

તેઓએ શરતોનુ પાલન કરેલ નહી હોવાનુ તદન ખોટુ જણાવેલ છે. કોઈ બાનાખત રદની કોઈ વાત જ થયેલ નથી અને અલગ અલગ જમીનના બાનાખતો કરી દીધેલ હોવા છતા નવો કરાર કરવાની અને તેનુ પાલન કરવા જણાવેલ હોવાની તદન ખોટી હકિકતો જણાવેલ છે. વધુમા હકિકત એવી છે કે અગાઉ જયારે જુદા વ્યવહારોના તેમની સાથે બાનાખતો થયા ત્યારે મુળ સર્વે નં.૧૯૫ એક હતો અને તેનુ કુલ ક્ષેત્રફળ પૈકી પૈકી ભાગના અલગ અલગ વ્યવહાર કરવામા આવેલ પરંતુ ત્યારબાદ રી–સર્વે મા પડેલ ભાગની ચર્તુદિશાઓ મળતી હોઈ કારણ કે તે એક જ ભાગ પરની મિલકત હોઈ વાદીઓએ તે અલગ અલગ વ્યવહારોને એક જ વ્યવહારમા ખપાવી કાઢવા તેમના આ પેરામા વાદીઓએ ખોટી સ્ટોરી સ્વરૂપની હકિકતો જણાવેલ છે. જો કોઈ વ્યકત મલીન ઈરાદો ધરાવતા હોઈ તો અવેજ ચુકવી બાનાખત કે વેચાણ ના વ્યવહારો કરે નહી તે સામાન્ય રીતે પણ સમજી શકાય તેમ છે. તેમજ પાવર ઓફ એટર્નીં રજીસ્ટર થયેલ છે અને તેના કોઈ પેજ બદલીને લગાવવામા આવેલ નથી અને રજીસ્ટ્રારશ્રી તેવી કોઈ સહીઓ કે ફોટોગ્રાફસ વાળી પ્રીન્ટો કોઈને આપે નહી કે આખે આખો ડોકયુમેન્ટ તેવી રીતે વાદીઓના જણાવ્યા મુજબ બારોબાર નોંધાય ના જાય કારણે કે પાવર ઓફ એટર્નીંમા પણ ઓડીયો વિડીયો રેકોર્ડ કરવામા આવે છે અને તે હકિકત જોતા અને વાદીની આ પેરાની પેજ બદલ્યા અંગેની કે બાનાખતના પેજનો પાવરમા ઉપયોગ કર્યાની હકિકત માનવા પાત્ર રહેતી નથી અને આખા પાવર ઓફ એટર્નીંનો ઢાંચો જોતા વાદીની પાને પાને સહી છે અને પાવર ઓફ એટર્નીંનુ લખાણ છે અને વાદી કોઈ અભણ અજ્ઞાન વ્યકિત નથી કે ગમે તેમની પાસેથી બાનાખતના ઓઠા હેઠળ પાવર કરાવી લેવી તેમજ યાને પાવર તથા બાનાખતમા અવેજની હકિકત પણ અલગ અલગ છે. તેમજ બાનાખત જોવામા આવે તો તે ફકત વાદી નં.૧ના નામથી છે અને પાવર ઓફ એર્ટની બન્ને વાદીઓના નામથી છે અને પેજ નં.૧૬ ની બાનાખતથી આપનાર લેનારની કોલમો અને પવાર ઓફ એર્ટનીના પેજ નં.૧૬ની કોલમ આપનાર લેનારની કોલમો અલગ અલગ હોવાનુ જણાય છે તે સંજોગોમા પેજ બદલાયની કે ઝેરોક્ષ કરી પ્રીન્ટ કાઢી પેજ લગાવી દેવાની હકિકત માનવાપાત્ર રહેતી નથી અને કાયદેસર રીતે પાવર ઓફ એટર્નીંના આધારે વેચાણ દસ્તાવેજનો વ્યવહાર કરવામા આવેલ હોવા છતા અને તે પણ વાદીઓની જાણ અને સમંતીથી અને રજીસ્ટ્રેશન એકટ અને સ્ટેમ્પ ડયુટી એકટની જોગવાઈનુ પાલન કરવામા આવેલ હોવા છતા વાદીએ સબ રજીસ્ટ્રારશ્રી કે જે જવાબદાર કર્મચારી છે તે તેવુ કોઈ કૃત્ય કરે નહી તે પણ સમજી શકાય તેવી બાબત હોવા છતા તેમની સામે કાયદેસરના વેચાણ દસ્તાવેજવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ થઈ ગયા બાદ ખોટા આક્ષેપો કરે છે અને તેમના હકકો ડુબાડવા અને લીટીગેશનના ઓઠા હેઠળ અને બોગસ સ્ટોરી સ્વરૂપેની હકિકતો ગોઠવી કાઢી તેમના આ પેરામા તદન ખોટી હકિકત જણાવે છે. પેરા–૬ ની હકિકતો ખરી નથી તેઓને તે કબુલ મંજુર નથી અને કાયદેસર

રીતે પાવર ઓફ એટર્ની કરી આપવામા આવેલ હોઈ તેના આધારે કાયદેસર દસ્તાવેજ કરી આપવામા આવેલ હોઈ તે પણ વાદીઓની જાણમા થયેલા વ્યવહાર હોઈ વાદીઓના કહેવાથી તે બોગસ થઈ જતા નથી તેમજ વાદીઓની આ પેરાની નોંધ પડાવેલ નહી હોવાની કે દસ્તાવેજ રજુ નહી કરાવેલ હોવાની હકિકત પણ અસ્થાને છે કારણ કે રેકર્ડ ઉપર તેની નોંધ પડેલ છે અને જ્યાં કબજો તેમનો હોઈ વાદીઓએ ખેતી કામ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ કાયદેસરનો વેચાણ દસ્તાવેજ હોઈ અને નોંધ પાડવાની પ્રક્રિયા પણ કાયદાની જોગવાઈ અનુસારની હોઈ તેનાથી વાદીઓના હકક છીનવી લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને વાદીઓનો કાયદેસર વેચાણ કરેલ મિલકત અંગે હકક જ રહેલ ન હોઈ દાવો ટકવાને પાત્ર રહેતો નથી. પેરા–૭ની હકિકતો ખરી નથી અને કાયદાની જોગવાઈ વિરુધ્ધની છે કારણ કે પાવર ઓફ એટર્ની રદ કરવામા ન આવે ત્યાં સુધી અમલમા રહે છે તેથી ૫ વર્ષ બાદ પાવરના આધારે દસ્તાવેજ થયેલ હતો તેનાથી તે ગેરકાયદેસર થઈ જતો નથી. પેરા–૮ ની સને ૨૦૧૪ મા રજી. બાનાખત કર્યા બાદ વાદીઓનો સંપર્ક કર્યો નહી હોવાની તેમજ કન્ફર્મીંગ પાર્ટી તરીકે દાખલ કરેલ હોવાની તથા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ હોવાની તથા વકીલ મારફત નોટીસ આપેલ હોવાની હકિકતો ખરી નથી. હકિકતમા પ્રતિવાદીને ખોટા વાયદા કરી સમય પસાર કરેલ છે અને આજદીન સુધી બાનાખતની શરત મુજબ બોજો પણ ભરપાઈ કરેલ નથી અને ખોટા લીટીગેશન કરી વિવાદ ઉભો કરેલ છે અને તે તમામ કરવા પાછળ આપેલ તેમની બાનાની રકમ પચાવી પાડવાનો અને તેમના હકકો થી તેઓને વંચીત રાખવાનો વાદીઓનો મલીન ઈરાદો છે તેમજ વાદીઓ જે દૈનીક પત્રની તેમજ એડવોકેટ મારફત નોટીસ આપેલ હોવાની હકિકતો જણાવેલ છે તે અંગે જણાવવાનુ કે કોઈ વ્યકિત ગેરકાયદેસરની નોટીસ આપી દે અને તેનો જવાબ ના આપવામા આવે તો તેનાથી ગેરકાયદેસરની નોટીસ કાયદેસરની થઈ જતી નથી તેમજ વાદીઓની નોટીસો જે ગેરકાયદેસરની હોઈ અને તેની તમામ હકિકતોનો તેઓ આથી સ્પષ્ટ ઈન્કાર છે અને કાયદેસરનુ બાનાખત હોઈ નોટીસનો જવાબ ન આપવાથી તે ગેરકાયદેસર થઈ જાય નહી તેમજ વાદીઓએ તેમના આ પેરામા જે રે.દિ.મુ.નં.૪૭/૨૦૨૪ થી દાવો દાખલ કરેલ હોવાની જે હકિકત જણાવેલ છે તે પણ ખોટો દાવો દાખલ કરેલ છે તેમજ વાદીઓનો તે પાવર ઓફ એટર્ની તે થયા તારીખથી જ જાણ હોઈ વાદીઓનો પાવર ઓફ એટર્નીની તે થયા તારીખથી જ જાણ હોઈ જવાબ પરથી જાણ થયેલ હોવાની કે સહી સંમતીની પરવાનગી વિના પાવર ઓફ એટર્ની તૈયાર રાખેલ કાગળોમા પાવર ઓફ એટર્નીમા સહીઓ મેળવેલ હોવાની વિગેરે મતલબની તેમજ વાદીઓની ગેરહાજરીમા અને જાણ કર્યા સિવાય દસ્તાવેજ કર્યા હોવાની વિગેરે મતલબની જે જે હકિકતો જણાવેલ છે તે તમામ ખરી નહી હોઈ અને તેનો વિગતવાર જવાબ તેમના ઉપરોકત પેરામા આવી જતો હોઈ તેની પુન:રૂકતી કરતા નથી. પેરા–૯ ની હકિકતો ખરી

નથી તેમજ કાયદેસર રીતે વાદીઓએ પાવર ઓફ એટર્ની તેમની જાતે તેમની સંમતીથી કરી આપેલ હોઈ અને તેમની જાણમા જ વેચાણ દસ્તાવેજ કરવામા આવેલ હોઈ અને અવેજની રકમ પણ ચુકવાય ગયેલ હોઈ અને વાદીઓની જાણ ન હોઈ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પેરા–૧૦ની હકિકતો ખરી નથી. કાયદેસરના પાવર ઓફ એટર્ની તથા વેચાણ દસ્તાવેજ હોઈ અને વાદીઓની નોટીસ જ ગેરકાયદેસરની અને ખોટી હોય તેવા સંજોગોમા પાવર ઓફ એટર્ની કે દસ્તાવેજ રદ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ગમે તેવી ખોટી ફરીયાદ ફાઈલ કરેલ હોઈ ન કરેલ હોઈ તેનાથી કાયદેસરનો પાવર ઓફ એટર્ની કે દસ્તાવેજ કે તેની લીગાલીટીને કોઈ ફેર પડતો નથી. પેરા–૧૨ મા જણાવ્યા પ્રમાણેનુ કોઈપણ જાતનુ કાયદેસરનુ કારણ વાદીઓને પ્રતિવાદી સામે ઉપસ્થિત થયેલ નથી કે કોઝ ઓફ એકશન વિનાનો છે. વાદીઓને કયારે કોની સામે કયાં કઈ રીતે કઈ તારીખે કારણ ઉપસ્થિત થયુ તે સ્પષ્ટ જણાવેલ નથી. વાદીઓનો દાવો પ્રથમદર્શનીય રીતે સમય મર્યાદા બહારનો હોઈ તે રદ થવાને પાત્ર છે તેમજ કાયદેસરના પાવર ઓફ એટર્ની તથા વેચાણ દસ્તાવેજ હોઈ તે વાદીઓના કહેવાથી ગેરકાયદેસર થઈ જાય નહી કે રદ થવાને પાત્ર રહે નહી. વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ નથી, સગવડતા અગવડતાનુ પલ્લુ પણ પ્રતિવાદી પક્ષે છે અને વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા આવે તો દાવાવાળી મિલકતનો કાયદેસર બાનાખત તથા વેચાણ દસ્તાવેજ હોવા છતા તેઓના હકકોથી વંચીત રહેવુ પડે અને પૈસાથી ન પુરાય તેવુ પારાવાર નુકશાન જાય તેમ છે. જેથી વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરી વાદીઓ પ્રતિવાદીને કોમ્પેસેન્ટરી કોસ્ટ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ છે.

૩. આ કામે વાદીઓ તરફે માર્ક–૩/૧ તથા ૩/૧૨ મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

૪. આ કામે પ્રતિવાદી તરફે માર્ક–૨૧/૧ તથા ૨૧/૪ મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

૫. ત્યારબાદ વાદીઓ તથા પ્રતિવાદીના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી.

૬. આંક: ૫ ની અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુદા //**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું વાદીને માંગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ આપવામાં ન આવે તો, નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે?

૩. શું સગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે?

૪. શું હુકમ?

૭. ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

**// કારણો //**

૮. **મુદ્દા નં. ૧ થી ૩ :**

આ કામે મુદા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોઈ, હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદા નં. ૧ થી ૩ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૯. વાદીઓના વકિલશ્રીની મનાઈ હુકમની અરજી ટુંકમા દલીલ એવી છે કે દાવાવાળી જમીન તથા અન્ય ખેતીલાયક જમીનમા ખેતીલાયક કામકાજ કરી તેમનુ તથા તેમના પરીવારનુ ગુજરાન ચલાવે છે અને બન્ને વાદીઓ સગા ભાઈ થાય છે. વાદીઓની માલીક વ કબજા ભોગવટાવાળી મોજે બોસ્કા સીમના બ્લોક સર્વે નં.૧૯૫ વાળી જુની શરતની ખેતીલાયક જમીન આવેલ જેનુ ક્ષે.૪–૮૯–૬૭ જે ખાતા નં.૧૪૬ મા આવેલ જેમા વાદીઓનો કાયદેસરનો માલીકી વાળી કબજો ભોગવટો આવેલ છે અને તે દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમા શરુઆતથી લઈને આજદીન સુધી તેમનુ નામ ચાલે છે તેમા ખેતીલાયક કામકાજ કરી તેમનુ તથા તેમના પરીવારનુ શાંતી પુર્વક ગુજરાન ચલાવે છે. વાદીઓની જમીનના સર્વે નં.૧૯૫ વાળી મિલકતનુ નર્મદાની કેનાલ પડતા જમીનના ત્રણ ટુકડા જેમા (૧) સર્વે નં.૭૩ (૨) સર્વે નં.૪૪૨ (૩) સર્વે નં.૪૪૧ ત્રણ અલગ અલગ ગામ નમુના નં.૭/૧૨ સરકારશ્રી તરફથી આપવામા આવેલા જે તમામ જમીનમા વાદીઓનો માલીકીપણાનો કબજો ભોગવટો આવેલ છે તથા તેમા ખેતીલાયક કામકાજ કરે છે. પેરા–૧ મા જણાવેલ મિલકત લગત પ્રતિવાદી સાથે રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર કબજા વગરનો બાનાખત તા.૮/૧/૧૩ના રોજ દેત્રોજ મુકામે કરેલ જેમા પ્રતિવાદી તરફથી તે નોટરી બાનાખતમા જણાવ્યા પ્રમાણેના નિયમોનુ પ્રતિવાદીએ પાલન કરેલ નહી અને ખોટી રીતે તેમની પાસેથી બાનાખતવાળી મિલકત પચાવી પાડવાનો મલીનઈરાદો રાખતા હોઈ અને તેની તેઓને જાણ થતા તેઓએ સદર પ્રતિવાદી સાથે મૌખીકમા તેઓને સદર નોટરી કરાવેલ બાનાખત રદ કરવાનુ જણાવતા તેઓએ તેઓને વિશ્વાસમા લીધેલ તથા તેઓને જણાવેલ કે હવે આપણા બન્ને વચ્ચેનો કરાર કાયદેસરનો કરીશુ અને તે પ્રમાણે સમયસર જે નિયમો બનાવીશુ તેનુ પાલન કરીશુ જેથી વાદી નં.૧ એ પ્રતિવાદી સાથે દેત્રોજ સબ રજીસ્ટ્રાર

કચેરીમા નોંધણી નં.૩૪૯/૨૦૧૪ થી તા.૧૬/૯/૧૪ ના રોજ પેરા–૧ મા જણાવેલ મિલકતનો રજીસ્ટર્ડ બાનાખત લેખ રૂા.૩૮૨૦૦/– જેટલી સ્ટેમ્પ ડયુટી ભરી નોંધણી કરાવેલ તે જ પ્રતિવાદીએ દાવાવાળી મિલકતનો જનરલ પાવર ઓફ એટર્ની વાદીની જાણ બહાર તૈયાર કરાવેલ. જેમા વાદીઓની દરેક પેજે સહી લીધેલ અને રજી. બાનાખતમા પેજ નં.૧૬ ઉપર કરેલ અંગુઠાનુ નિશાન તથા ફોટોગ્રાફની કોપીની પ્રિન્ટ કાઢી જનરલ પાવર ઓફ એટર્નીમા પેજ નં.૧૭ તરીકે સેટ કરી દીધેલ અને ૩૯૫/૨૦૧૪ થી દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમા તા.૧૬/૯/૨૦૧૪ ના રોજ નોંધણી કરવામા આવેલ. જે બોગસ રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્નીને રદ કરવા સારૂ હાલ કામ ચલાઉ મનાઈ અરજી કરેલ છે. પ્રતિવાદીએ વાદીની જાણ બહાર દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમા અનુ. નં.૩૯૫/૨૦૧૪ થી તા.૧૬/૯/૧૪ ના રોજ બોગસ રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્નીની તદન ખોટી રીતે તથા રજીસ્ટ્રેશન એકટના કાયદાના નિયમો વિરુધ્ધ નોંધણી કરેલ જે જનરલ પાવર ઓફ એટર્નીના આધારે નિયમો વિરુધ્ધ નોંધણી કરેલ જે જનરલ પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિવાદીએ સને ૨૦૨૦ મા દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમા ૧૫૧/૨૦૨૦ થી તા.૬/૩/૨૦૨૦ના રોજ વાદીના બોગસ રજીસ્ટર્ડ પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિવાદીએ તેમના નામનો દાવાવાળી મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી દીધેલ હોઈ તે દસ્તાવેજ મુળથી જ રદબાતલ, ખોટો અને બોગસ હોઈ રદ થવા પાત્ર છે. પ્રતિવાદીએ દાવાવાળી મિલકતનો સને ૨૦૨૦ મા રજી. વેચાણ દસ્તાવેજ વાદીની જાણ બહાર તેમજ બોગસ અને ખોટા રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્નીના આધારે બનાવી દીધેલ હોવા છતા રેવન્યુ રેકર્ડમા આજદીન સુધી પ્રતિવાદીએ દાવાવાળી મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કોઈ નોંધ પડાવવા સારુ રેવન્યુ અધિકારી સમક્ષ રજુ કરેલ નથી. જેથી દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમા આજદની સુધી વાદીનુ નામ ચાલતુ આવેલ છે અને દાવાવાળી મિલકતમા હાલમા વાદી ખેતી લાયક કામકાજ કરી તેમનુ તથા તેમના પરીવારનુ ગુજરાન ચલાવે છે અને પ્રતિવાદી બોગસ રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરી રેવન્યુ રેકર્ડમા બોગસ દાવાવાળી મિલકતનો જે રજી. વેચાણ દસ્તાવેજ કરી દીધેલ છે. તેના આધારે રેવન્યુ રેકર્ડમા નોંધ પડાવી તેમનો કાયદેસરનો હકક, હીસ્સો, લાગભાગ છીનવી ન લે તે હેતુથી વાદીનો કાયદેસરનો હકક, હીસ્સો, લાગભાગ રહેલો છે. પ્રતિવાદીએ વાદીની જાણ બહાર જે બોગસ તથા ખોટો જનરલ પાવર ઓફ એટર્નીની ખોટી રીતે નોંધણી કરાવેલ છે અને તે જનરલ પાવર ઓફ એટર્નીના આધારે ૫ વર્ષ બાદ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી દીધેલ છે અને તે બન્ને રજીસ્ટર્ડ ડોકયુમેન્ટના આધારે રેવન્યુ રેકર્ડમા પ્રતિવાદી નોંધ પાડે પડાવે નહી તથા અન્ય કોઈપણ વ્યકિતને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ પ્રકારે હસ્તાંતર તબદીલ વેચાણ બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ પ્રકારે હસ્તાંતર તબદીલ, ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો કાયમી

મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. પ્રતિવાદીએ સને ૨૦૧૪ મા રજીસ્ટર્ડ બાનાખત કર્યા બાદ આજદીન સુધી પેરા–૧ મા જણાવેલ મિલકત લગત તેમનો સંપર્ક કરેલ નથી કે કોઈપણ પ્રકારે રજીસ્ટર્ડ બાનાખત કરી નાખવાનો પ્રયત્નો કરેલ નથી જેથી તેઓએ તા.૨૦/૬/૨૪ ના રોજ દૈનીક વર્તમાનપત્રમા પેરા–૧ વાળી મિલકત લગત જે રજીસ્ટર્ડ બાનાખત લેખ પ્રતિવાદીએ વાદી નં.૧ સાથે કન્ફર્મીંગ પાર્ટી તરીકે વાદી નં.ર નાને દાખલ કરેલ તે રજીસ્ટર્ડ બાનાખત રદ કર્યા અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ છે અને પ્રતિવાદીને પણ તેમના એડવોકેટ મારફતે નોટરાઈઝ બાનાખત કરાવેલ તે તથા રજીસ્ટર્ડ બાનાખત કરાવેલ તે રદ કરવા અંગેની કાયદેસરની કાનુની નોટીસ તા.૨૪/૬/૨૦૨૪ ના રોજ આપેલ છે અને તે નોટીસ સાથે દૈનીક વર્તમાનપત્રમા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ તેની નકલ પણ પ્રતિવાદીને મોકલાવી આપેલ છે અને તેની બજવણી પણ તા.૨૫/૨/૨૪ ના રોજ થઈ ગયેલ છે. તે લગત પ્રતિવાદીએ દૈનીક વર્તમાનપત્રમા આવેલ જાહેર નોટીસ લગત કોઈ વાંધો કે તકરાર તેઓને યાને કે વાદીઓને મોકલાવેલ નથી અને વાદીના વકિલશ્રીએ આપેલ નોટીસની બજવણી થઈ ગયેલ હોવા છતા તેનો સમય મર્યાદામા જવાબ આપેલ નહી જેથી વાદીએ પ્રતિવાદી સાથે કરેલ રજી. બાનાખતનો લેખ રદ કરવા સારુ દાવો દાખલ કરેલ જે હાલમા પેન્ડીંગ છે તે જ દિવસે પ્રતિવાદીએ રજી. બાનાખતની વાદીએ નોટીસ પ્રતિવાદીને મોકલાવેલ તેનો જવાબ આવેલ જે જવાબ પેજ નં.૩ ઉપર છેલ્લી લીટીમા જણાવેલ છે કે અમારા અસીલને અનુ.નં.૪૦૫ થી તા.૧૨/૧૦/૨૦૧૫ ના રોજ રજી. જનરલ પાવર ઓફ એટર્ની કરી આપેલ છે અને તેવા રજી. પાવર ઓફ એટર્નીના આધારે તેમના અસીલ ે તા.૬/૩/૨૦૨૦ના રોજ અનુ.નં.૧૫૧ થી રજી. દસ્તાવેજ કરાવેલ છે'' ત્યારે વાદીને જાણ થયેલ કે રજી. બનાખતના દિવસે જ પ્રતિવાદીએ પેરા–૧ મા દાવાવાળી મિલકતનો વાદીની જાણ બહાર તેમજ સહી, સમંતી પરવાનગી સિવાય રજી. જનરલ પાવર ઓફ એટર્ની તૈયાર રાખેલ અને તેમા સહીઓ મેળવી લીધેલ અને રજીસ્ટર્ડ બાનાખતમા લીધેલ અંગુઠાના નિશાન તથા ફોટોગ્રાફની પ્રિન્ટ કાઢીને રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્નીમા લગાવેલ છે અને તે બોગસ રજી. જનરલ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ દાવાવાળી મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ વાદીની જાણ બહાર તથા ગેરહાજરીમા તથા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરતા અગાઉ કોઈપણ લેખીતમા કે મૌખીકમા જાણ કર્યા સિવાય રજી. વેચાણ દસ્તાવેજ કરી લીધેલ હોઈ જે રદ કરવા સારુ હાલની મનાઈ અરજ દાખલ કરેલ છે. પ્રતિવાદીએ તા.૧ /૭/૨૪ ના રોજ દાવાવાળી મિલકતના રજી. બાનાખત લેખ રદ કરવા અંગેની નોટીસ આપેલ તેના જવાબમા પ્રતિવાદીએ સદર દાવાવાળી મિલકતનો રજી. જનરલ પાવર ઓફ એટર્ની વાદીની જાણ બહાર કરાવી લીધેલ છે અને તે રજીસ્ટર્ડ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરતા પહેલા લેખીતમા કે મૌખીકમા જાણ કર્યા સિવાય તેમજ દસ્તાવેજ કાયદેસરની લેણી રકમ ચુકવી આપ્યા સિવાય તથા કાયદેસરનો

અવેજ આપ્યા સિવાય દાવાવાળી મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ તા.૬/૩/૨૦૨૦ ના રોજ નોંધણી નં.૧૫૧/૨૦૨૦ થી દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ બનાવી હોવાની તેઓને જાણ થયેલ અને તેઓએ તાત્કાલીક સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી રજી. વેચાણ દસ્તાવેજની તથા રજી. જનરલ પાવર ઓફ એટર્નીની નકલ કઢાવેલ અને તે બન્ને રજી. દસ્તાવેજ રદ કરવા સારૂ કામ ચલાઉ મનાઈ અરજી કરેલ છે. વાદીએ પ્રતિવાદીને તા.૧૦/૭/૨૦૨૪ ના રોજ દાવાવાળી મિલકતનુ રજી. વેચાણ દસ્તાવેજ તથા રજી. જનરલ પાવર ઓફ એટર્ની સ્વેચ્છીક રીતે રદ કરી આપવાની નોટીસ આપેલ અને પોલીસ ખાતાના સમક્ષ અધિકારી સમક્ષ લખેતીમા ફરીયાદ અરજ પોસ્ટ મારફતે મોકલાવી આપેલ. હાલની અરજી દાખલ કરી વાદીએ દાવાવાળી જમીન લગત દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી બુક નં.૧ મા ૪૦૫/૧૫ થી તા.૧૨/૧૦/૨૦૧૫ ના રોજ નોંધાયેલ જનરલ ઓફ પાવર ઓફ એટર્નીના આધારે પ્ર તિવાદી જાતે તથા તેમના માણસો, નોકરો, એજન્ટો તથા મદદગાર ઈસમો મિલકતમા કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય તથા હુકમ મેળવ્યા સિવાય પ્રવેશ કરે કરાવે નહી તથા દાવાવાળી મિલકત લગત દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમા નોંધાયેલ બુક નં.૧ મા અનુ. નં.૧૫૧/૨૦૨૦ થી તા.૬/૩/૨૦૨૦ ના રોજ નોંધવામા આવેલ રજી. વેચાણ દસ્તાવેજના આધારે દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમા પ્ર તિવાદી તેઓનુ નામ દાખલ કરે કરાવે નહી તથા દાવાવાળી મિલકત લગત દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમ નોંધાયેલ બુક નં.૧ મા અનુ. નં.૧૫૧/૨૦૨૦ થી તા.૬/૩/૨૦૨૦ના રોજ નોંધવામા આવેલ રજી. વેચાણ દસ્તાવેજ આધારે અન્ય કોઈ ત્રાહીત ઈસમને લખાણ કરી આપે નહી કે ત્રાહીત ઈસમ પાસ ેથી ગેરકાયદેસર નાણા મેળવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

**૧૦.** વાદીએ દાવા અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા માર્ક ૩/૩ થી બ્લોક સર્વે નં.૧૯૫ના ગામ નમુનો નં.૭ રજુ કરેલ છે જેમા કબજેદાર તરીકે બાબુભાઈ ગણેશભાઈ તથા દિનેશભાઈ ગણેશભાઈનુ નામ દાખલ થયેલ છે. માર્ક ૩/૪ થી બ્લોક સર્વે નં.૭૩ ના ગામ નમુના નં.૭ રજુ કરેલ છે જેમા કબજેદાર તરીકે બાબુભાઈ ગણેશભાઈ તથા દિનેશભાઈ ગણેશભાઈનુ નામ દાખલ થયેલ છે. માર્ક ૩/૫ થી બ્લોક સર્વે નં.૪૪૨ ના ગામ નમુના નં.૭ નો ઉતારો રજુ કરેલ છે જેમા પણ કબજેદાર તરીકે બાબુભાઈ ગણેશભાઈ તથા દિનેશભાઈ ગણેશભાઈનુ નામ દાખલ થયેલ છે. માર્ક ૩/૬ થી બ્લોક સર્વે નં.૪૪૧ ના ગામ નમુના નં.૭ રજુ કરેલ છે જેમા પણ કબજેદાર તરીકે બાબુભાઈ ગણેશભાઈ તથા દિનેશભાઈ ગણેશભાઈનુ નામ દાખલ થયેલ છે. માર્ક ૩/૭ થી ખાતા નં.૨૪૬ ના ગામ નમુનો નં.૮–અ (જમીનની ખાતાવહી) રજુ કરેલ છે જેમા કબજેદાર તરીકે બાબુભાઈ ગણેશભાઈ દિનેશભાઈ ગણેશભાઈનુ નામ કબજેદાર તરીકે દાખલ થયેલ છે. માર્ક ૩/૮ થી દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરી સમક્ષ અનુ. નં.૪૦૫/૨૦૧૫ થી નોંધાયેલ જનરલ પાવર ઓફ એટર્ની રજુ કરેલ છે જેમા દરેક પેજ ઉપર હાલના

વાદીઓની સહીઓ છે. માર્ક ૩/૯ થી દાવાવાળી જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૫૧ /૨૦૨૦ની નકલ રજુ કરવામા આવેલ છે. માર્ક ૩/૧૦ થી નોટીસનો જવાબ રજુ કરવામા આવેલ છે. તથા માર્ક ૩/૧૧ થી રજી. વેચાણ દસ્તાવેજ રદ કરવા અંગેની કાયદેસરની નોટીસ વાદીઓએ આપેલ છે તેની નકલ રજુ કરવામા આવેલ છે. માર્ક ૩/૧૨ થી વાદી નં.૧ નાઓએ હાલના પ્રતિવાદી તથા જે.બી. પટેલ સબ રજીસ્ટ્રાર તથા કનુભાઈ વરવાભાઈ દેસાઈ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૧(૨), ૧૮૯, ૩૧૯ (૨), ૩૧૮(૪), ૩૩૮, ૩૩૬(૩), ૩૪૦ (૨) અન્વયે ગુનો દાખલ કરવા માટે આપેલ તેની નકલ રજુ કરેલ છે.

**૧૧.** આમ ઉપરોકત હકિકત ધ્યાને લેતા વાદી દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરી સમક્ષ અનુ. નં.૩૯૪/૨૦૧૪થી પ્રતિવાદીની તરફેણમા બાનાખતનો કરાર (કબજા સાથેનુ) તા.૧૬/૯/૨૦૧૪ના રોજ કરી આપેલ છે અને આ રજીસ્ટર્ડ બાનાખત કરારમા અવેજ પેટે રૂા.૭ લાખ મળ્યાનો ઉલ્લેખ છે. તેમજ આ બાનાખતના કરારના પેજ નં.૭ ઉપર પેરા–સી મા ''અમો લખી આપનારે સદરહુ જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો લખાવી લેનારને આજરોજ સુપ્રત કરેલ છે જે તમો લખાવી લ ેનારે જોઈ તપાસી ચકાસી સંભાળી લીધેલ છે'' તેવી હકિકતનો ઉલ્લેખ છે. આમ વાદીએ પ્રતિવાદીની તરફેણમા બાનાખતનો કરાર કરી આપ્યાની હકિકત એડમીટ કરેલ છે પરંતુ દાવાવાળી જમીનનો કબજો પોતાની પાસે હોવાનુ જણાવે છે પરંતુ તા.૧૬/૯/૧૪ના રોજ રજીસ્ટર્ડ થયેલ બાનાખતના કરારમા વાદીએ કબજો પ્રતિવાદીને સોંપયા અંગેનો ઉલ્લેખ છે. હવે જો વાદીએ સને ૨૦૧૪મા પ્રતિવાદીને કબજો સોંપેલ હોય ત્યારે દાવાવાળી જમીન પર તેમનો કબજો હોવાની હકિકત માની શકાય નહી. વધુમા વાદીઓના વકિલશ્રીએ એવી દલીલ કરેલ છે કે દાવાવાળી મિલકતનો વાદીની જાણ બહાર તેમજ સહી, સમંતી પરવાનગી સિવાય રજી. જનરલ પાવર ઓફ એટર્ની તૈયાર રાખેલ અને તેમા સહીઓ મેળવી લીધેલ અને રજીસ્ટર્ડ બાનાખતમા લીધેલ અંગુઠાના નિશાન તથા ફોટોગ્રાફની પ્રિન્ટ કાઢીને રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્નીમા લગાવેલ છે અને તે બોગસ રજી. જનરલ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ દાવાવાળી મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ વાદીની જાણ બહાર તથા ગેરહાજરીમા તથા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરતા અગાઉ કોઈપણ લેખીતમા કે મૌખીકમા જાણ કર્યા સિવાય રજી. વેચાણ દસ્તાવેજ કરી લીધેલ પરંતુ આ કામે વાદી પ્રતિવાદી વચ્ચે થયેલ પાવર ઓફ એટર્ની તથા બાનાખતનો કરાર દેત્રોજ સબ રજીસ્ટ્રાર કચેરી સમક્ષ નોંધાયેલ દસ્તાવેજ છે અને આ બન્ને દસ્તાવેજોને ધ્યાને લેતા પ્રથમ દર્શનીય રીતે વાદીઓ જણાવે છે તેમ જનરલ પાવર ઓફ એટર્નીમા બાનાખતમા લીધેલ સહી અંગુઠના નિશાન અને ફોટોગ્રાફસની પ્રિન્ટ કાઢીને લગાવી દેવામા આવેલ હોય તેવુ જણાતુ નથી. વધુમા વાદીએ પોતે સને ૨૦૧૪ મા રજીસ્ટર થયેલ બાનાખતના કરારને કેન્સલેશન માટે કોઈ દાદ હાલના

દાવાના કામે માંગેલ નથી. વધુમા દાવાવાળી જમીનનો કબજો પણ બાનાખતના કરારને ધ્યાને લેતા વાદીઓ પાસે હોય તેવુ જણાતુ નથી. આમ માત્ર મૌખીક કથનોથી કોઈ દસ્તાવેજને બોગસ કહેવાથી તે દસ્તાવેજ બોગસ બનતો નથી.

**૧૨.** આમ સમગ્ર હકિકત જોવામા આવે તો વાદીએ રજુ કરેલ દસ્તાવેજી આધારોને જ ધ્યાને લેતા બાનાખતનો કરાર (કબજા સાથેનો) તથા જનરલ પાવર ઓફ એટર્ની રજીસ્ટર્ડ થયેલ છે અને રજીસ્ટર્ડ થયેલ દસ્તાવેજ સબંધે તે ખરો અને સાચો હોવાનુ હાલ પુરતુ અનુમાન થાય છે. ત્યારે માત્ર મૌખીક કથનોના આધારે આ દસ્તાવેજો ઉભા કરેલ છે તેવુ માની શકાય તેમ નથી. વધુમા રજુ થયેલ બાનાખતના કરારમા દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીને સોંપવામા આવેલ છે. વધુમા વાદીઓ તરફે એવી દલીલ કે હાલ પણ રેવન્યુ રેકર્ડમા વાદીઓનુ નામ કબજેદાર તરીકે ચાલે છે તેથી કબજો તેમની પાસે છે. પરંતુ રેવન્યુ રેકર્ડ એ રેવન્યુ ઉઘરાવવા માટે નિભાવવામા આવે છે અને જયારે વાદી પોતે બાનાખતના કરારમા કબજો સોંપયા અને પ્રતિવાદીએ કબજો જોઈ તપાસી સ્વિકાર્યાની હકિકત જણાવતા હોય ત્યારે દાવાવાળી જમીનનો કબજો વાદીઓ પાસે છે તેવા કથનો કરવાથી કબજો વાદી પાસે છે તેવુ હાલના તબકકે માની શકાય નહી. વધુમા વાદી દાવાવાળી જમીનોના કબજામા છે તે અંગે દાવાવાળી જમીનોની નજીક ખેતીની જમીન ધરાવતા ખેડુતોના સોંગદનામા પણ રજુ કરેલ નથી. ઉપરોકત તમામ હકિકતો ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતો નથી, સગવડ અગવડની સમતુલા પણ વાદીની તરફેણમા નથી. આમ જયારે વાદીએ દાવાવાળી જમીન સબંધે જે દાદ માંગેલ છે તે દાવા અરજીની હકિકતોને ધ્યાને લેતા તેઓનો પ્રથમ દર્શનીય કેસ ન હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમા ન હોય ત્યારે કામ ચલાઉ મનાઈ હુકમ મંજુર કરવામા ન આવે તો વાદીને નાણામા માપી શકાય તેવુ નુકશાન છે કે કેમ તે અંગે નિર્ણય કરવો જરૂરી નથી. તેથી ઉપરોકત તમામ ચર્ચા અને હકીકતોને ધ્યાને રાખીને મુદા નં. ૧ થી ૩ જવાબ નકારમાં ઠરાવી, મુદા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. આથી વાદીની આંક–૫ ની મનાઈ અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

દેત્રોજ.
તા.૦૪/૧૨/ ૨૦૨૪

**(રવિ એસ. ટહેલીયાણી)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
દેત્રોજ.